# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


**પ્રેસનોટ** **તા. ૦૩.૦૮.૨૦૧૭**

**‘નોટા’ ના વિકલ્પ ઉપર પ્રતિબંધ મુકવાનો સુપ્રિમ કોર્ટનો ઇનકાર,**
**કોંગ્રેસનું વધુ એક સફેદ જુઠ્ઠાણું નિષ્ફળ ગયુ છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-------------

**ધારાસભ્યોને બંધક બનાવીને ભાઇ-બહેનના પવિત્ર તહેવાર રક્ષાબંધનમાં પણ ભાઇ અને બહેનને મળવા ન દેવાનું પાપ**
**કોંગ્રેસ કરી રહી છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-------------

ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી ‘નોટા’ પરના સુપ્રિમ કોર્ટના હુકમને આવકારતાં જણાવ્યુ હતુ કે, કોંગ્રેસ નોટાના કાયદાનું ખોટું અર્થઘટન કરી તેના ધારાસભ્યોને ભયભીત કરી રહી છે અને નોટાના ઉપયોગ કરનાર તથા વિરૂધ્ધ મતદાન કરનાર ધારાસભ્યોને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી ૬ વર્ષ સુધી ચૂંટણી નહી લડી શકે તેવાં જુઠ્ઠાણાં ફેલાવી - ભય બતાવી યેનકેન પ્રકારે અહેમદભાઇને બચાવવાના નિષ્ફળ પ્રયાસો કોંગ્રેસ કરી રહી છે તેમજ જનતાને પણ ગેરમાર્ગે દોરી રહી છે. નોટા બાબતે કોંગ્રેસે ભાજપા પર ચૂંટણીપંચ પર દબાણ લાવવાનાં જુઠા આક્ષેપો કર્યા હતા પરંતુ ભાજપાના રાષ્ટ્રીય મહામંત્રીશ્રી ભુપેન્દ્રજી યાદવે પ્રતિનિધિ મંડળ સાથે નોટા લાગુ ન પાડવા અંગે ચૂંટણીપંચને નિવેદનપત્ર આપ્યું હતુ. હવે જ્યારે, સુપ્રિમકોર્ટે નોટાના વિકલ્પ પર પ્રતિબંધ મુકવાનો ઇનકાર કરતો હુકમ કર્યો છે ત્યારે કોંગ્રેસે ભાજપા અને ચૂંટણીપંચ પર ખોટા આક્ષેપો કરવાને બદલે આ નિર્ણયનો સ્વીકાર કરવો જોઇએ. હકીકતમાં આંતરિક જુથબંધીમાં વ્યસ્ત કોંગ્રેસને તેના જ ધારાસભ્યો પર કોઇપણ જાતનો ભરોસો રહ્યો નથી તેથી જ કોંગ્રેસે તેના ધારાસભ્યોને બેંગલુરુના ફાઇવસ્ટાર રિસોર્ટમાં બંધક બનાવી રાખ્યા છે.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, કોંગ્રેસ દ્વારા નોટાની જોગવાઇ સામે અરજી કરવામાં હતી. નામદાર સુપ્રિમ કોર્ટે ગુજરાતની રાજ્યસભાની ચૂંટણીમાં નોટાની જોગવાઇ કરવા માટેની ચૂંટણીપંચની અધિસૂચના પર પ્રતિબંધ મુકવાનો આજે ઇનકાર કરી દીધો હતો. આમ, સુપ્રિમ કોર્ટના હુકમને લીધે કોંગ્રેસનું વધુ એક સફેદ જુઠ્ઠાણું સામે આવી ગયુ છે. આવુ જ એક બીજુ જુઠ્ઠાણું કોંગ્રેસ ચલાવી રહી છે કે જો તેના કોઇ ધારાસભ્યો ક્રોસવોટીંગ કરશે તો તેને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી ૬ વર્ષ સુધી ચૂંટણી લડવા માટે વંચિત રાખવામાં આવશે. વડી અદાલતોના આવેલા ચૂકાદાઓ પરથી એવું સ્પષ્ટ થાય છે કે કોઇપણ સભ્ય રાજ્યસભાની ચૂંટણીમાં નોટા કે ક્રોસવોટીંગ કરે તો તે સભ્ય તરીકે ગેરલાયક ઠરી શકે નહી.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે, કોંગ્રેસ અહેમદભાઇને બચાવવા માટે હવાતીયા મારી રહી છે. કોંગ્રેસ તેના આંતરિક ઝગડા અને કલહને રોકવાને બદલે જુઠાણાં ફેલાવી રહી છે અને ભાજપા પર ખોટા આક્ષેપો કરી રહી છે. તે કેટલું વ્યાજબી છે ? અતિવૃષ્ટિની પરિસ્થિતિમાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી, તમામ મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ તેમજ સંગઠનના કાર્યકર્તાઓ જનતાની સેવામાં વ્યસ્ત છે જ્યારે કોંગ્રેસના ધારાસભ્યો બેંગલુરુની ફાઇવસ્ટાર રિસોર્ટમાં જલસા કરી રહ્યા છે જે શરમજનક છે.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે, રક્ષાબંધનમાં પરત આવવાની વાતો ગપગોળા છે. કોંગ્રેસ તેના ધારાસભ્યોના અસંતોષથી એટલી હદે ડરી ગઇ છે કે આવનારા રક્ષાબંધન જેવા પવિત્ર તહેવારમાં પણ કોંગ્રેસના નેતાઓએ બાનમાં રાખેલા ધારાસભ્યોને તેઓના પરિવારથી દૂર રાખવા માંગે છે જે ખુબ જ દુ:ખદ છે. કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓના બહેનો રક્ષાબંધનના પવિત્ર તહેવારની ઉજવણી માટે પોતાના ભાઇને મળવાની લાગણી જો અમારી પાસે વ્યક્ત કરશે તો એક ભાઇ તરીકે હું બહેનોને ત્યાં લઇ જવા માટેની વ્યવસ્થા કરવા પણ તૈયાર છું.

શ્રી વાઘાણીએ અંતમાં જણાવ્યુ હતુ કે, કોંગ્રેસ હારની હતાશામાં છે તે સ્પષ્ટપણે દેખાઇ આવે છે. ગુજરાતની જનતા કોંગ્રેસના નાટ્યાત્મક અને અસંવેદનશીલ ઘટનાક્રમને જોઇ રહી છે.

(ડૉ. હર્ષદ પટેલ)
**મીડીયા વિભાગ**